# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ

## :: જાહેરાત : ૨/૨૦૧૨ (બિન શૈક્ષણિક) ::

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા કૃષિ યુનિવર્સિટીની કચેરીઓમાં નીચે જણાવેલ વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા માટે **ઓનલાઇન અરજી** પત્રકો મંગાવવામા આવે છે. આ માટે ઉમેદવારે www.aau.in વેબસાઇટ પર **તા.૭/૨/૨૦૧૨** (બપોરના ૧૨-૦૦ કલાક)થી **તા.૨૯/૨/૨૦૧૨** (સમય રાત્રીના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. અરજી કરવાની અંગેની વિગતવાર સૂચનાઓ આગળ **ફકરા નં. ૧૦માં દર્શાવેલ છે.**

૧. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની વર્ગ-૩ સંવર્ગની ખાલી જગ્યાઓ દર્શાવતુ પત્રક.

| ક્રમ | જગ્યાનું નામ | ફીકસ પગાર પ્રતિ માસ | જગ્યાની સંખ્યા | દરેક કેટેગરી પ્રમાણે ભરવાની થતી જગ્યાઓ | | | દરેક કેટેગરીમાં મહિલાઓ માટેની અનામત જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સામાન્ય | અનુ.જન જાતિ | સા.શૈ. પ. વર્ગ | સામાન્ય | અનુ.જન જાતિ | સા.શૈ. પ. વર્ગ |
| ૧ | ફોરમેન ઇન્સ્ટ્રકટર ગ્રેડ-૩ | ₹ ૯૪૦૦/- | ૨ | ૨ | - | - | - | - | - |
| ૨ | સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર ગ્રેડ-૩ | ₹ ૫૩૦૦/- | ૨ | ૨ | - | - | - | - | - |
| ૩ | હોસ્ટેલ આસીસ્ટન્ટ વોર્ડન (ફકત મહિલાઓ માટે) | ₹ ૫૩૦૦/- | ૭ | - | - | - | ૫ | ૧ | ૧ |
| ૪ | બોઇલર એટેન્ડેન્ટ | ₹ ૫૩૦૦/- | ૧ | ૧ | - | - | - | - | - |
| ૫ | જુનીયર કલાર્ક કમ ટાઇપીસ્ટ | ₹ ૫૩૦૦/- | ૨૯ | ૧૦ | ૮ | ૧૧ | ૩ | ૩ | ૪ |

- અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે છે. આ અનામત જગ્યાઓ કેટેગરી વાઇઝ સંખ્યાબળને આધારે ઘટ મુજબ ભરવાની છે.
- મહિલાઓ માટે દર્શાવ્યા મુજબ જગ્યાઓ અનામત રહેશે. મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા સંબંધિત કેટેગરીના પુરૂષો ઉમેદવારથી ભરવામાં આવશે.
- **ક્રમ નં. ૩** હોસ્ટેલ વોર્ડનની જગ્યા ફકત મહિલા ઉમેદવારોથી ભરવાની છે.

૨. **પગાર ધોરણ :**

- નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૨૯/૪/૨૦૧૦ના ઠરાવ નંબર ખરચ/ ૨૦૦૨/૫૭/ઝ/૧ની જોગવાઇઓ આધીન તેમજ તા.૬/૧૦/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)/ઝ.૧/થી તથા સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૧-૨૦૦૮-૪૩૩૭૧૭-ગ.૫, તા.૪/૬/૨૦૦૯માં નકકી થયા મુજબ પ્રથમ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી નિયત પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવા પાત્ર થશે.

૩. **રાષ્ટ્રીયતા** : ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૭ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

૪. **જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ તથા વયમર્યાદા**

| ક્રમ | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | વયમર્યાદા |
|---|---|---|---|
| ૧ | ફોરમેન ઇન્સ્ટ્રકટર ગ્રેડ-૩<br>પગાર ધોરણ<br>(રૂા.૯૩૦૦-૩૪૮૦૦,<br>ગ્રેડ પે રૂા.૪૨૦૦/-) | મીકેનીકલ અથવા પ્રોડકશન એન્જીનીયરીંગની ચાર વર્ષના અભ્યાસક્રમની માન્ય યુનિવર્સિટીની સ્નાતકની પદવી **અને** એક વર્ષનો અનુભવ<br>**અથવા**<br>મીકેનીકલ અથવા પ્રોડકશન એન્જીનીયરીંગમાં બીજા વર્ગ સાથે ત્રણ વર્ષનો માન્ય સંસ્થાનો ડીપ્લોમા **અને** ચાર વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ. | ૧૮ વર્ષથી વધુ અને વધુમાં વધુ ૩૦ વર્ષ |
| ૨ | સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર ગ્રેડ-૩<br>(રૂા.૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે રૂા.૨૪૦૦/-) | મીકેનીકલ/પ્રોડકશન/સીવીલ એન્જીનીયરીંગ ત્રણ વર્ષનો માન્ય સંસ્થાના ડીપ્લોમા પદવી ધરાવતા હોવા જોઇએ. | ૧૮ વર્ષથી વધુ અને વધુમાં વધુ ૨૫ વર્ષ |
| ૩ | હોસ્ટેલ આસીસ્ટન્ટ વોર્ડન<br>(ફકત મહિલાઓ માટે)<br>(રૂા.૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે રૂા.૨૪૦૦/-) | (૧) કોઇપણ ફેકલ્ટીની સ્નાતકની બીજા વર્ગની પદવી. હોસ્ટેલ સગવડ ધરાવતી શૈક્ષણિક સંસ્થામાં અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.<br>(૨) વિધવા/છુટાછેડા/ત્યકતા મહિલાઓને જેઓ અન્ય સામાજીક બંધન ધરાવતા ન હોય તેઓને પ્રાધાન્ય આપવામાં આવશે. | ૧૮ વર્ષથી વધુ પરંતુ ૩૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |
| ૪ | બોઇલર એટેન્ડેન્ટ<br>(રૂા.૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે રૂા.૨૪૦૦/-) | સરકાર માન્ય સંસ્થાનું સેકન્ડ કલાસ બોઇલર એટેન્ડેન્ટનું પ્રમાણપત્ર આવશ્યક છે. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૫ | જુનીયર કલાર્ક કમ ટાઇપીસ્ટ<br>(રૂા.૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે રૂા.૧૯૦૦/-) | (૧) ઉચ્ચતર માધ્યમિક શાળા પરીક્ષા એચ.એસ.સી. ધોરણ-૧૨ પાસ.<br>(૨) સી.સી.સી. લેવલની કોમ્પ્યુટર પરીક્ષા પાસ. | ૧૮ વર્ષથી વધુ પરંતુ ૨૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |

**(૧)** ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટી વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ના સરકારી ઠરાવ નં. સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫, થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ. **અથવા** માન્ય યુનિવર્સિટી **અથવા** સરકાર માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના ડીપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો માન્ય રાખી શકાશે.

**(૨)** હિન્દી, અંગ્રેજી તથા ગુજરાતી ભાષાનું પુરતુ જ્ઞાન અને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ હોવુ જોઇએ.

(૩) **વય મર્યાદામાં છુટછાટ** :

(૧) અનામત કેટેગરીના ઉમેદવારો માટે પ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૨) મહિલા ઉમેદવારને પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે (ક્રમ નં.૩ સિવાય).

(૪) આણંદ કૃષિ યુનિવર્સિટીનાં રોજમદારોને તેઓએ કરેલ કામગીરીનો સમય જેટલા સમયની વધુમાં વધુ ૪પ વર્ષની મર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

(પ) રાજયની કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓ માટે વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

(૬) તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે (અરજી કરવાની છેલ્લી તારીખે) કોઇપણ સંજોગોમાં ૪પ વર્ષ કરતા વધવી જોઇએ નહી.

(૭) **વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ** :

તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા તા.ર૯/ર/ર૦૧રની સ્થિતી ધ્યાનમાં લેવામા આવશે. અન્ય તમામ બાબતો માટે (Cut off date) પણ તા.ર૯/ર/ર૦૧ર ગણવાની રહેશે.

(૮) **પસંદગી પ્રક્રિયા** :

(૧) **ફોરમેન ઇન્સ્ટ્રકટર ગ્રેડ-૩, સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર ગ્રેડ-૩, હોસ્ટેલ આસીસ્ટન્ટ વોર્ડન તથા બોઇલર એટેન્ડેન્ટની જગ્યા માટે નીચે મુજબની પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનુ રહેશે.**

(ક) લેખિત કસોટી:- હેતુલક્ષી પ્રશ્નપેપર-૧
સામાન્ય જ્ઞાન અને બુધ્ધિ કૌશલ્ય-૧૦૦ ગુણ

(ખ) મૌખિક ઇન્ટરવ્યુ

(ર) જુનીયર કલાર્ક-કમ-ટાઇપીસ્ટની જગ્યા ઉપર પસંદગી માટે ઉમેદવારે નીચે જણાવેલ પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.

(ક) **લેખિત કસોટી : (હેતુલક્ષી પ્રશ્નપત્ર-પેપર-૧)**
**સામાન્ય જ્ઞાન અને બુધ્ધી કૌશલ્ય : ૧૦૦ ગુણ**

(ખ) **ટાઇપીંગ ટેસ્ટ : ૧૦ મિનિટ**

(ગ) **મૌખિક ઇન્ટરવ્યુ**

જુનીયર કલાર્ક-કમ-ટાઇપીસ્ટ તરીકે અરજી કરનાર ઉમેદવારોએ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા **પેપર-૧**ના ગુણના આધારે તૈયાર કરવામા આવેલ મેરીટ યાદીના આધારે નીચે મુજબ ટાઇપીંગ ટેસ્ટ આપવાનો રહેશે.

<u>લેખિત પરીક્ષા</u> : **લેખિત પરીક્ષાની તારીખ લેખિત પરીક્ષાના ૧૦ દિવસ અગાઉ જાહેર કરવામાં આવશે તથા પરીક્ષામાં બેસવા માટે કોમ્પ્યુટરાઇઝડ હોલ ટીકીટ www.aau.in વેબસાઇટ પરથી ઉમેદવારે પોતાનો Application ID Number નાખીને ડાઉનલોડ કરી મેળવી લેવાનું રહેશે.**

(૧) જુનીયર કલાર્ક-કમ-ટાઇપીસ્ટ ઉમેદવારે ગુજરાતી ટાઇપ સતત પાંચ મિનિટ સુધી મિનિટ દીઠ ઓછામા ઓછા ૨૫ (પચ્ચીસ) શબ્દોની ઝડપ, સ્વચ્છ અને ચોકસાઇ પૂર્વક, ગુજરાતીમાં એક ફકરો ટાઇપ કરવાનો રહેશે. તથા અંગ્રેજી ટાઇપ સતત પાંચ મિનિટ સુધી મિનિટ દીઠ ઓછામા ઓછા ૪૦ (ચાલીસ) શબ્દોની ઝડપ, સ્વચ્છ અને ચોકસાઇ પૂર્વક, અંગ્રેજીમાં એક ફકરો ટાઇપ કરવાનો રહેશે.

(ગ) **લઘુત્તમ લાયકી ધોરણ:**

પસંદગી યાદી તૈયાર કરવા માટેનું લાયકી ધોરણ આણંદ કૃષિ યુનિવર્સિટી ઠરાવશે

(ઘ) (૧) ઉપરોકત જગ્યા માટેની પસંદગી યાદી (મેરીટ લીસ્ટ) પેપર-૧ (OMR) માં મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે.

(૨) જુનીયર કલાર્ક-કમ-ટાઇપીસ્ટની જગ્યાઓ માટે પેપર-૧ તથા સંબંધિત ટાઇપીંગ ટેસ્ટમાં ઉમેદવારે મેળવેલ ગુણના આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરવામા આવશે. આખરી પસંદગી આ મેરીટ લીસ્ટના આધારે કરવામા આવશે.

(૯) **પરીક્ષા ફી** :

- ફોર્મ ભરતી વખતે " General " કેટેગરી "Select" કરી હોય (દર્શાવી હોય) તેવા તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી રૂા.૧૫૦/- State Bank of Indiaની નજીકની શાખામાં ભરવાની રહેશે.

- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારોએ જયારે www.aau.in વેબસાઇટ પર પરીક્ષા ફી ભરવા માટે ઓનલાઇન ઉપલબ્ધ State Bank of India ના ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલન સાથે નજીકમાં આવેલ State Bank of India ની શાખામાં જઇને, પરીક્ષા ફી પેટે રૂા. ૧૫૦/- ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ State Bank of India રાખી લેશે અને બે નકલ ઉમેદવારોને સિકકા સાથે પરત આપશે આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને લેખિત પરીક્ષા સમયે **કોલ લેટર** સાથે અચૂક સાથે લાવવાની રહેશે.
- " General " કેટેગરી "Select" કરનાર ઉમેદવાર ફી ભર્યાની ઓરીજીનલ રસીદ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી.
- અન્ય કોઇપણ રીતે ફી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહી.
- State Bank of India માં ફી ભરવાની છેલ્લી તા. ૨૯/૨/૨૦૧૨ (બેંક કામકાજના સમય સુધી)ની રહેશે.
- અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી "Select" કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહી.

  **(ક) અનુસુચિત જનજાતિ (ST)**

  **(ખ) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC)**

## ૧૦. અરજી કરવાની રીત :

આ જાહેરાતના સંદર્ભમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા.૭/૨/૨૦૧૨ (બપોરના ૧૨-૦૦ કલાક)થી તા.૨૯/૨/૨૦૧૨ (સમય રાત્રીના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન www.aau.in વેબસાઇટ પર અરજીપત્રક ભરી શકશે.

(૧) સૌપ્રથમ www.aau.in વેબસાઇટ પર જવુ.

(૨) ત્યારબાદ Advertisement પર "Click" કરવાથી ફોરમેન ઇન્સ્ટ્રકટર ગ્રેડ-૩, સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર-૩, હોસ્ટેલ આસીસ્ટન્ટ વોર્ડન (ફકત મહિલાઓ માટે), બોઇલર એટેન્ડન્ટ તથા જુનીયર કલાર્ક કમ ટાઇપીસ્ટ સંવર્ગની જગ્યાની વિગતો જોવા મળશે.

(૩) જે જગ્યા માટે અરજી કરવાની છે તેની નીચે "Click" કરવાથી Application Format ખુલશે.

(૪) ત્યારબાદ જોબ પોસ્ટ સીલેકટ કરી જે તે જગ્યાની પર્સનલ ડીટેઇલ ભરવાની રહેશે. જે તે કેટેગરીના ઉમેદવારે કેટેગરી સીલેકટ કરવાની રહેશે.

(૫) SBI Payment details માં SBI Branch Name, Branch Code No., Journal No. (7 to 10 digits), Deposit Date ભર્યા બાદ ઉમેદવારની પર્સનલ ડીટેઇલ ભરવાની રહેશે.

(૬) હવે Candidate Information માં તમારુ પુરેપુરુ નામ, પિતા/પતિનું નામ, પરણિત/ અપરણિત/વિધુરની વિગત ભરવાની રહેશે.

(૭) હવે Upload Photograph પર Click કરો અહી તમારો પાસપોર્ટ સાઇઝનો ફોટો Upload કરવાનો છે. (Photo Upload કરવા સૌપ્રથમ તમારો Photo jpg format માં (1 mb) સાઇઝથી વધારે નહી તે રીતે સ્કેન કરી Computer માં Save કરેલા હોવા જોઇએ) હવે Browse button પર Click કરો. હવે Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલ jpg format માં તમારો ફોટો સ્ટોર થયેલ છે તે ફાઇલને સીલેકટ કરો અને Open button પર કલીક કરો. હવે Browse button ની બાજુમાં "Upload" Click કરો. હવે બાજુમા તમારો Photo દેખાશે.

(૮) ત્યારબાદ Candidate information, Permanent Address, Postal Address, Candidate Personal Information, Birth Place, Certificates, Education Information, Experience Information etc… ભરવાની રહેશે. Education Information તથા Experience Information માં તમારી જમણી બાજુએ પ્લસ (+)નું નિશાન દર્શાવેલ છે તેના પર કિલક કરવાથી વધારાની શૈક્ષણિક લાયકાત તથા અનુભવની વિગત ભરી શકાશે.

(૯) ત્યારબાદ √ I agree to All The Above Conditions. બટન પર કિલક કરવાની રહેશે.

(૧૦) ત્યારબાદ SAVE Button પર કલિક કર્યા બાદ Online Form ની ઉપર તમારો Application ID Generate થયા બાદ જ પ્રિન્ટ માટે ફોર્મની નીચે Print નું ઓપ્શન કલિક કરવાથી પ્રિન્ટ નીકળશે. હવે ઉમેદવારની અરજી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદમાં Online સ્વીકાર થઇ જશે. Application ID Number Generate થયેલ હશે તે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

ઉમેદવારે ફોર્મ ભરતી વખતે માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો (૧) ઓનલાઇન ફોર્મ ભરવા બાબતે નિયામકશ્રી, ઇર્ન્ફમેશન ટેકનોલોજી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના ફોન નં. (O) 02692 260712 (૨) જાહેર ખબર સંબંધિ માર્ગદર્શન માટે (O) 02692 261310 (૩) સ્ટેટ બેક ઓફ ઇન્ડિયાનું ચલણ ભરવા માટે (M) 7600037799 ઉપર જરૂરી માર્ગદર્શન મેળવી લેવુ.

**૧૧. સામાન્ય સૂચનાઓ** :

(૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે. તેઓને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

(૨) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમૂનામાં તા.૩૧/૩/૨૦૧૧ના રોજ પુરા થયેલ નાણાંકીય વર્ષ : ૨૦૧૦-૧૧ માટેનું **અર્થાત તા.૧/૪/૨૦૧૧થી અરજી કરવાની છેલ્લી તા.૨૯/૨/૨૦૧૨** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્ર નંબર અને તારીખ, ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવુ પ્રમાણપત્ર રજુ ન કરી શકતા ઉમેદવારો જો સામાન્ય ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહી હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને પુરાવાઓ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે તે તબકકે 'રદ' ગણવામાં આવશે.

(૪) અરજદારે અરજીપત્રમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

(૫) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતા વધુ કોપીએ પોતાની પાસે રાખવી અને પરીક્ષા સમયે Hall Ticket માં લગાવવાના રહેશે. તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.

(૬) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવેલ છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ચાલુ રાખવો.

(૭) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે.

(૮) ઉમેદવાર પોતે જે તે સંવર્ગની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા પાત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ નિમણૂંક બાબતે યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષના અજમાયશી ધોરણે જે તે સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક મળયા બાદ ઉમેદવારે આ સમયગાળા દરમ્યાન ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળયા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : નયન-૨૦૦૩-જીઓઆઇ-૧૦ (પા.ફા.) પી. ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવામા આવશે. આ અંગે સરકારશ્રી ધ્વારા વખતો વખત જારી થનાર હુકમો લાગુ પડશે.

(૧૧) આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનો અધિકાર અબાધિત રહેશે.

(૧૨) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની વેબસાઇટ www.aau.in નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારને ખાસ ભલામણ છે.

(૧૩) આ જાહેરાત અન્વયે પરીક્ષાનું આયોજન કરવામાં આવશે, તે ધ્યાને લઇ ઉમેદવારોએ પરીક્ષાલક્ષી તૈયારી કરવી અને તેની જાણ વેબસાઇટ www.aau.in ઉપર કરવામાં આવશે. આ જાહેરાત અન્વયે ઉમેદવારે પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે લાગવગ લગાડવાનો કે અન્ય કોઇ પ્રયત્ન ભલામણ કરવી અયોગ્ય રહેશે.

(૧૪) **ઓનલાઇન અરજીમાં ઉમેદવારે જણાવેલ ડોકયુમેન્ટ, તથા સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયામાં ભરેલ પરીક્ષા ફીની ચલણની પ્રમાણિત નકલ સાથેની અરજી કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ-૩૮૮૧૧૦ને જાહેરાતમાં જણાવેલ છેલ્લી તારીખ સુધીમાં મળે તે રીતે મોકલી આપવાની રહેશે.**

**તા.૦૭/૦૨/૨૦૧૨**
**સ્થળ : આણંદ**

**કુલસચિવ**
**આણંદ કૃષિ યુનિવર્સિટી,**
**આણંદ**